# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું ભારતના આર્થિક વિકાસને હવે વૈશ્વિક સ્તરે માન્યતા મળી.
2. કેન્દ્રીય નાણામંત્રી, વિદેશ મંત્રી અને ઉદ્યોગ મંત્રી ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય ગોળમેજી બેઠકમાં ભાગ લેવા સિંગાપોર જવા રવાના.
3. કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કૃષિ ક્ષેત્રમાં જાપાની ટેકનોલોજી અને કુશળતાના લાભ ભારતીય ખેડૂતો સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો.
4. ઈડીએ એક મની લોન્ડરિંગ કેસની તપાસ સંદર્ભે ઉત્તર પ્રદેશના રામપુર અને સહારનપુર તથા દિલ્હીમાં દસ જગ્યાઓ પર દરોડા પાડ્યા.
5. કોલકાતામાં આજે વહેલી સવારે એક હોટલમાં લાગેલી આગમાં નવના મોત - છ ઘાયલ.
6. ગૉલમાં રમાઈ રહેલી ક્રિકેટ ટેસ્ટ મેચના પાંચમા દિવસે ભારત વિજયથી 4 વિકેટ દૂર – છેલ્લા અહેવાલ સુધી શ્રીલંકાના 9 વિકેટે 199 રન થયા.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# ASHWINI VAISHNAV

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતના આર્થિક વિકાસને હવે વૈશ્વિક સ્તરે માન્યતા મળી  છે અને દેશ છ થી આઠ ટકાના વિકાસ દરમાં આગળ વધી રહ્યો છે.

તેમણે કહ્યું કે આ વિકાસ ગાથા -  સામાજિક, ડિજિટલ અને ભૌતિક માળખાગત સુવિધાઓમાં રોકાણ, સમાવેશી વિકાસ અને ઉત્પાદન પર કેન્દ્રિત ધ્યાન જેવા ચાર મુખ્ય આધાર પર ચલાવવામાં આવી રહી છે. આજે નવી દિલ્હીમાં ઉત્તર પ્રદેશ-જાપાન રોકાણ સમિટ 2026 ને સંબોધતા, શ્રી વૈષ્ણવે કહ્યું કે રોકાણએ દેશની વૃદ્ધિ યાત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

(BYTE: ASHWINI-ON-ECONOMY)

# SITHARAMAN-ISMR

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે ચોથી ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય ગોળમેજી બેઠકમાં ભાગ લેવા સિંગાપોરની સત્તાવાર મુલાકાત માટે રવાના થયા છે.

તેમની સાથે ગયેલા પ્રતિનિધિમંડળમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદનો સમાવેશ થાય છે.

ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય ગોળમેજી બેઠક બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ માટે એક મહત્વપૂર્ણ ઉચ્ચ-સ્તરીય મંચ છે. તે અદ્યતન ઉત્પાદન, કનેક્ટિવિટી, ડિજિટલ ક્ષેત્ર, આરોગ્ય અને દવા, કૌશલ્ય વિકાસ અને ટકાઉ વિકાસ સહિત છ મુખ્ય ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરે છે અને નવી તકો શોધે છે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ બેઠક સહયોગ ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરાશે અને ભારત-સિંગાપોર આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે નવી તકોની ચર્ચા કરાશે.

# GOYAL--SINGAPORE

મંત્રી સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે સિંગાપોર ગયેલા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે વિવિધ ક્ષેત્રોના આશરે 70 વરિષ્ઠ ઉદ્યોગપતિઓનું ભારતીય વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ છે. શ્રી ગોયલ આવતીકાલે ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય ગોળમેજી બેઠકમાં ભાગ લેશે. તેઓ સિંગાપોરના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે પણ વાતચીત કરશે.

ઇસ્તાના ખાતે સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ સાથે પણ મુલાકાત કરશે. વધુમાં, તેઓ ગ્લોબલ ફાઇનાન્સ એન્ડ ટેકનોલોજી નેટવર્ક, વાયપીઓ ગ્લોબલ અને મિલ્કન ઇન્સ્ટિટ્યૂટના વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે સરકાર અને ઉદ્યોગ વચ્ચે સહયોગ પરના કાર્યક્રમોમાં ભાગ લેશે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના આર્થિક અને વાણિજ્યિક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો છે.

# VICE PRESIDENT-UTTARAKHAND

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજથી ઉત્તરાખંડની બે દિવસની મુલાકાતે છે. તેઓ આજે દેહરાદૂન સ્થિત ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વન એકેડેમી ખાતે ભારતીય વન સેવાના 2025-27 બેચના તાલીમાર્થી અધિકારીઓ સાથે વાતચીત કરશે અને તેમને સંબોધિત કરશે.

આવતીકાલે મસૂરીમાં લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય વહીવટી એકેડેમી ખાતે 2024 બેચના IAS અધિકારીઓ માટેના વ્યાવસાયિક અભ્યાસક્રમના બીજા તબક્કાના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

# INDIA-JAPAN AGRI-TECH

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ ક્ષેત્રમાં જાપાની ટેકનોલોજી અને કુશળતાના ફાયદા ભારતીય ખેડૂતો સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

યુપી-જાપાન રોકાણ મીટ 2026 માં, તેમણે ઉત્તર પ્રદેશને જાપાની કંપનીઓ દ્વારા રોકાણ માટે એક મજબૂત સ્થળ તરીકે વર્ણવ્યું.

(BYTE: SHIVRAJSINH CHAUHAN)

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે જાપાનની તકનીકી કુશળતાને ઉત્તર પ્રદેશની પ્રતિભા અને બજાર સંભાવના સાથે જોડીને , રોજગાર, નવીનતા અને ટકાઉ વિકાસ માટે અમર્યાદિત નવી તકો ઊભી કરી શકાય છે. કેન્દ્રીય મંત્રીએ ગ્રામીણ યુવાનોને કૃષિ ટેકનોલોજી સાથે જોડવા પર પણ ભાર મૂક્યો.

ઉલ્લેખનીય છે કે યુપી-જાપાન રોકાણ મીટ 2026 18 થી 23 ઓગસ્ટ દરમિયાન ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં યોજાઈ રહી છે. 200 થી વધુ જાપાની ઉદ્યોગપતિઓ, સીઈઓ, વ્યવસાય પ્રતિનિધિઓ અને નીતિ નિર્માતાઓ ભાગ લઈ રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ED-UP SEARCHES

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ -ઈડીએ મૌલાના મોહમ્મદ અલી જૌહર ટ્રસ્ટ અને રામપુર સ્થિત મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી સાથે સંકળાયેલી મની લોન્ડરિંગ તપાસ સંદર્ભે ઉત્તર પ્રદેશના રામપુર અને સહારનપુર અને દિલ્હીમાં દસ જગ્યાઓ પર દરોડા પાડ્યા છે.

ઈડીએ જણાવ્યું કે આ દરોડા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ , 2002 હેઠળ કરવામાં આવ્યા હતા અને આ તપાસ ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા સરકારી કોન્ટ્રાક્ટ ભંડોળની કથિત ઉચાપત અને યુનિવર્સિટી તથા ટ્રસ્ટ માટે મિલકતોના નિર્માણ સહિત અન્ય હેતુઓ માટે તેના ઉપયોગ સંબંધિત છે.

એજન્સીએ જણાવ્યું કે તપાસમાં ચોક્કસ કોન્ટ્રાક્ટરો અને ટ્રસ્ટ વચ્ચે નાણાકીય વ્યવહારો મળી આવ્યા છે કેટલાક કોન્ટ્રાક્ટરોએ દાન અને બાંધકામ કાર્યો મારફતે ટ્રસ્ટ અથવા યુનિવર્સિટીને મોટી માત્રામાં નાણાં ટ્રાન્સફર કર્યા હોવાનું પકડાયું છે.

# KOLKATA INCIDENT

પશ્ચિમ બંગાળમાં કોલકાતાના ન્યુ માર્કેટ વિસ્તારમાં આજે વહેલી સવારે એક હોટલમાં લાગેલી આગમાં નવ લોકોના મોત થયા છે અને છ લોકો ઘાયલ થયા છે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે હોટલમાં ફાયર સેફ્ટી અને ફાયર ફાઇટીંગ સિસ્ટમનો અભાવ હતો.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગ દુર્ઘટનામાં થયેલા જાનહાનિ અંગે શોક વ્યક્ત કર્યો છે. એક શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં , પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને મદદ કરી રહ્યું છે.

# PUNJAB--EXTRADITION

પંજાબ પોલીસે કેન્દ્રીય એજન્સીઓ સાથે સંકલન કરી , મલેશિયાથી એક કુખ્યાત ગેંગના ત્રણ આરોપીઓને ભારત લાવવામાં સફળતા મેળવી છે.

પંજાબના પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આ આરોપીઓના પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI સાથે સંબંધો હતા. હત્યા , ખંડણી, વિસ્ફોટકો રાખવા અને લુધિયાણામાં હેન્ડ ગ્રેનેડ વિસ્ફોટ કરવાના તાજેતરના કાવતરા સંબંધિત અનેક કેસોમાં પોલીસ તેમની શોધ કરી રહી હતી.

નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આજે આગમન થતાં જ આરોપીઓ જસપ્રીત સિંહ , અજય સિંહ અને પવનદીપ સિંહની ધરપકડ કરવામાં આવી.

# ODISHA-FLOOD

ઉત્તર ઓડિશામાં પૂરની સ્થિતિ ગંભીર યથાવત છે.

છ જિલ્લાઓમાં નદીઓના પૂરથી ઘણા વિસ્તારો ડૂબી ગયા છે , જેના કારણે લગભગ દસ લાખ લોકો પ્રભાવિત થયા છે. અખુઆપરામાં બૈતરણી નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.

બ્રહ્માણી, સાલંદી અને સુબર્ણરેખા નદીઓમાં પણ પાણીનું સ્તર ઊંચું છે. મુખ્યમંત્રી મોહન ચરણ માંઝીએ પૂરગ્રસ્ત લોકો અને ખેડૂતો માટે 1 હજાર કરોડ રૂપિયાની રાહત રકમની જાહેરાત કરી છે.

# TEST-CRICKET--IND-VS-SL

ગૉલમાં રમાઈ રહેલી ક્રિકેટ ટેસ્ટ મેચના પાંચમા દિવસે , શ્રીલંકાએ બીજી ઇનિંગમાં 9 વિકેટે માટે 199 રન બનાવ્યા છે. માનવ સુથારે બે વિકેટ , જ્યારે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ એક-એક વિકેટ લીધી છે

અગાઉ, ભારતે પોતાની બીજી ઇનિંગમાં 193 રન બનાવીને શ્રીલંકા માટે 372 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ઋષભ પંતે 69 બોલમાં 66 રન બનાવ્યા હતા. આ ઇનિંગ સાથે , તે ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો છે. દેવદત્ત પડિકલે 44 રન બનાવ્યા, જ્યારે કેએલ રાહુલે 35 રન બનાવ્યા.

# J&K-SMVDSB SUSPENDED

જમ્મુ અને કાશ્મીરમાં, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ ( SMVDSB) એ સાવચેતીના પગલા તરીકે શ્રી માતા વૈષ્ણો દેવીયાત્રા માટે નવી નોંધણી અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે.

જે યાત્રાળુઓએ પહેલાથી જ નોંધણી પૂર્ણ કરી લીધી છે અને માન્ય RFID કાર્ડ ધરાવે છે . તેમને હવામાન પરિસ્થિતિઓ અને અધિકારીઓ દ્વારા જારી કરાયેલા નિર્દેશોને આધીન, યાત્રાળુઓને યાત્રા પર આગળ વધવાની મંજૂરી આપવામાં આવી રહી છે. યાત્રાળુઓને સતર્ક રહેવા , શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ અને સ્થાનિક વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરવાની અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ દરમિયાન બિનજરૂરી જોખમો લેવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે. પ્રવર્તમાન હવામાન અને સલામતી પરિસ્થિતિઓના આધારે નવી નોંધણી ફરી શરૂ કરવા અંગેના વધુ નિર્ણયો લેવામાં આવશે.